# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

# સત્સંગ : સંતસંગનો સંગ - ભવભ્રમણનો અંત

**■ જ્ઞાનીનો અનુભવબોધ ''તેજ'' બાળજીવો માટેનો મુક્તિબોધ ■**

**૧. સત્યનો સ્વભાવ એ જ્ઞાનીનો અનુભવ છે. સત્યનો પ્રભાવ એ જ્ઞાનીનું લક્ષણ છે.**
**૨. અહિંસકભાવ એ જ્ઞાનીનો સ્વભાવ છે. અહિંસકપણું એ જ્ઞાનીનો અનુભવ છે.**
**૩. આનંદ-આનંદ એ જ્ઞાનીનો સ્વભાવ છે. પ્રભુ-પ્રભુ એ જ્ઞાનીનું સ્મરણ છે.**
**૪. નિર્ભયતા એ જ્ઞાનીનું લક્ષણ છે. નિર્ભુક્તા એ જ્ઞાનીનો સ્વભાવીક ભાવ છે.**
**૫. જ્ઞાન એ જ્ઞાનીનું જ્ઞાનત્વપણું છે. જ્ઞાન પ્રકાશવું તે જ્ઞાનીનું પરોપકારીપણું છે.**
**૬. આનંદ - આનંદ અને પ્રભુ - પ્રભુ એ જ્ઞાનીનો સ્વાનુભુતિત સહજ સ્વભાવ છે.**

**જેમને પાંચ ઈન્દ્રિયોનાં વિષયોમાંથી આસક્તિભાવ છુટી ગયો છે અને અનાસક્તપણું પામ્યાં છે, ચાર કષાયોનાં મુળ કાપીને, અજ્ઞાન ટાળીને જ્ઞાનત્વપણું પ્રગટાવ્યું છે, રાગ-દ્વેષ રહિતપણું પામીને, દ્રષ્ટા ભાવ ધારણ થયો છે, એવા બાર દોષોથી જે મુક્તિ પામ્યાં છે, તે જીવાત્મા મુક્તામપણું પામીને સદેહે મુક્ત દશાને અનુભવે છે, તેવા મુક્તદશાનાં આશ્રયે જે બાળજીવો બાર દોષોથી મુક્ત થવા ઉધમી (જાગૃત) થયા છે તે બાળજીવો ભાવે માર્ગાનુસારીપણું ધારણ કરે છે અને તેનાથી આગળ જે બાળજીવોએ બાર દોષોની ઉગ્રતાપૂર્વક ક્ષય કરવા પુરૂષાર્થીપણું પ્રાપ્ત કર્યું છે, તેવા જીવો નિશ્ચયબોધથી નિશ્ચયપણે સમકિતનાં અધિકારીપણું પામ્યાં છે, ટાળવાથી ન ટળાય તેવાં સમકિતપણાથી મોક્ષનાં અધિકારીપણું પ્રાપ્ત કર્યું.**

## જૈનો જાગો

**લેખાંક : ૪૪**

જે બાળજીવો જૈનકુળમાં જન્મ્યા છે અને જેમને જૈન ધર્મ મળ્યો છે, તે જીવો અત્યંત ભાગ્યવાન અને કષાયોની મંદતાવાળા ગણાય અને મોક્ષમાર્ગ પામવાની અને ચાલવાની અત્યંત અનુકૂળ સંજોગોવાળી સ્થિતીવાળા ગણાય. જૈનધર્મનાં શ્રી શાસ્ત્રકારોએ (શ્રી જ્ઞાની મહાપુરૂષોએ) પાંચમાં આરાની શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને ભાખેલી આગમવાણી શાસ્ત્રોમાં જે સ્વરૂપે બતાવેલી છે, તેનાં ટુંકસાર સ્વરૂપે પાંચમાં આરામાં શ્રી તીર્થંકર પરમાત્મા અને કેવળી ભગવંતોનો વિયોગ જણાવ્યો છે છતાં પાંચમાં આરાના ૨૧ હજાર વર્ષ સુધી

**અહિંસા અને નિર્ભયતા ''એજ'' મોક્ષમાર્ગની શરૂઆત.**
**અહિંસા અને નિર્ભયતા ''એજ'' મોક્ષમાર્ગની સાધના.**
**અહિંસા અને નિર્ભયતા ''એજ'' મોક્ષમાર્ગની પૂર્ણતા.**
**અહિંસકપણું અને નિર્ભયપણું ''એજ'' સદેહે મોક્ષસુખનો અનુભવ.**
**અહિંસકપણું અને નિર્ભયપણું ''એજ'' ભવભ્રમણનો અંત.**

મોક્ષમાર્ગમાં ચાલવા માટે એક અવતારી મહાપુરૂષો અવતરવાની (લગભગ ૨૧૦૦) સ્થિતી બાળજીવો માટે મોટી ઈચ્છાપૂર્તિની અવસ્થા ગણાય. જૈન સંપ્રદાયમાં મોક્ષમાર્ગ અને શાસ્ત્રોનો સાર જાણવા માટે શ્રી ઉપાધ્યાયજી (સ્વાધ્યાયકાર, શ્રી નમસ્કાર મહામંત્રનાં ૪થા પદનાં ગુણવાન મહાપુરૂષો)ની જૈન સંપ્રદાયમાં શ્રેષ્ઠ વ્યવસ્થા ગણાય. બાળજીવોએ પહેલા ધર્મ (મોક્ષમાર્ગ) જાણવો અત્યંત જરૂરી છે અને પછી જીવે ધર્મ આરાધવાનો હોય છે. જો જીવ ધર્મ જાણ્યાં અને સમજણ મેળવ્યા વગર ધર્મ કરે તો જીવ લગભગ શુભ સ્વરૂપ પુણ્યલક્ષી બની જાય છે અને પછી જીવને આત્મલક્ષી બનવામાં ઘણી

**ભાર જીવને છે, ભાળ સદ્ગુરૂને છે,**
**ભાર સદ્ગુરૂને સોપે, તો ભાળ જીવને મળે.**

પ્રતિકુળતાં પડે છે અને પછી લગભગ આત્મલક્ષી બની શકતો નથી. અને એ પ્રકારથી જીવ જૈનકુળ અને જૈનધર્મ મળવાં છતાં મોક્ષમાર્ગથી અને મોક્ષથી વંચિત રહે છે અને સર્વ શ્રેષ્ઠ એવું મનુષ્યપણું ગુમાવી દે છે. પુણ્ય ગમે તેટલું બળવાન હોય તો પણ શ્રી પરમાત્મા, જ્ઞાન અને જ્ઞાનીનાં યોગ માટે તો ગુણો જ અનિવાર્ય ગણાય. જો પુણ્યથીજ જ્ઞાન અને જ્ઞાનીનો યોગ થતો હોય તો જગતનાં બધાજ ધનવાનો ધર્મ પામ્યાં હોત ! અને અનાર્યક્ષેત્રનાં અનાર્યો ભૌતિકસુખોથી બધા જ વંચિત હોત માટે પુણ્યથી ભૌતિકસુખો મળે પણ પુણ્યથી આત્મિક ગુણો ન પ્રગટે માટે જ આજ સુધી સમકિત કયા પુણ્યથી બંધાય છે, તે કોઈ જ્ઞાની મહાપુરૂષોએ કહ્યું નથી (પુણ્યથી સમકિત પ્રાપ્ત થતું જ નથી માટે) તેથી જે બાળજીવોને શ્રી ઉપાધ્યાયજીનો પ્રથમ ધર્મ જાણવાં માટે યોગ થયો હોય તો તે બાળજીવોનું જૈનપણું અને જૈન ધર્મ પામ્યાનું મોટું અને શ્રેષ્ઠ સાર્થકપણું ગણાય. અને ધર્મ જાણ્યા પછી જે બાળજીવોને શ્રી નમસ્કાર મહામંત્રનાં ૩જા પદનાં ગુણવાન (૩૬ ગુણોથી યુક્ત અને ભાવે ક્ષાયિક સમકિતી અને અલ્પભવી એવા, જેની ભવ મર્યાદા નક્કી થયેલ છે.) એવા શ્રી આચાર્ય ભગવંતનો યોગ થાય (આત્મસાક્ષાત્કાર પામેલાં) અને તેનું જો બાળજીવોને આશ્રિતપણું (શિષ્યત્વ) પ્રાપ્ત થાય તો બાળજીવે મોક્ષ મેળવવા અને મોક્ષ માંગવાની જરૂર ન રહે, વધીને ૧૫માં ભવે મોક્ષે જાય, તેવા પ્રકારનું સમકિત પ્રાપ્ત થાય. તેવું પૂર્વનાં જ્ઞાની પુરૂષોનું વચન છે. અને શાસ્ત્રોમાં પણ જેને આરાધવાનું કહ્યું છે કે જેને દેહ અને આત્માની ભિન્નતા જાણી છે, માની છે અને અનુભવી છે. તેવા અનુભવીનાં આશ્રયે જઈને તેમની આજ્ઞા એજ ધર્મ અને તેમની આજ્ઞામાં રહેવું તેને તપ કહેલ છે.

હવે આપણે એવા પરમ પુરૂષો કે જે ૧૪ ગુણસ્થાનકમાં ૬ઠ્ઠા ગુણસ્થાનકવાળા શ્રી આચાર્ય ભગવંતો અને ૭માં ગુણસ્થાનકવાળા એક અવતારી જ્ઞાની પુરૂષો બાળજીવોને કેવા પ્રકારથી ધર્મ ધારણ કરાવે છે, તેની વિચારણા કરીએ. ભાવે અને ગુણે ૬ઠ્ઠા અને ૭માં ગુણસ્થાનકવાળા જ્ઞાની મહાપુરૂષો ઘણા ઘણા બાળજીવોને ભાવે માર્ગાનુસારીપણું પ્રાપ્ત કરાવે છે અને થોડા જીવોને વધીને ૧૫માં ભવે મોક્ષ પામે તેવું

**જ્યાં આત્માનું લક્ષ છે, ત્યાં આત્મા છે.**
**જ્યાં આત્મા છે, ત્યાં સત્ય છે.**
**જ્યાં સત્ય છે, ત્યાં સમજણ છે.**
**જ્યાં સમજણ છે, ત્યાં સમાધાન છે.**
**જ્યાં સમાધાન છે, ત્યાં શાસ્ત્રો છે.**
**જ્યાં શાસ્ત્રો છે, ત્યાં જ્ઞાન છે.**
**જ્યાં જ્ઞાન છે, ત્યાં આત્મા છે.**
**જ્યાં જ્ઞાન સહિત આત્માનો ઉપયોગ છે, ત્યાં મુક્તિ છે.**
**જ્યાં મુક્તિ છે, ત્યાં જીવનમુક્તિ છે.**
**જ્યાં જીવનમુક્તિ છે,**
**ત્યાં કેવળ આનંદ-આનંદ અને આનંદ છે.**
**જ્યાં કેવળ આનંદ છે, ત્યાં કેવળજ્ઞાન છે.**
**જ્યાં કેવળજ્ઞાન છે, ત્યાં સદેહે મોક્ષ છે.**
**''નિર્વાણ પછી તો મોક્ષ છે જ''**

*** સત્સંગ ***

**ભવોમાં ફરવાનું ભાગ્ય**
**જીવ પોતે બનાવી શકે છે.**
**''પણ''**
**ભવોથી છુટવાની ભવ્યતાં**
**અન્ય થકી બનાવવી પડે છે.**
**''જ્યારે''**
**ભવોમાં ફરવાનું ભાગ્ય,**
**જીવ અન્ય થકી બનાવે છે.**
**''અને''**
**ભવોથી છુટવાની ભવ્યતા,**
**જીવ પોતે બનાવે છે.**
**''માટે''**
**જીવ અનંત ભવભ્રમણમાં ભટકે છે.**
**જીવે અનંત ભવભ્રમણમાં અનંતીવાર પોતે માનેલી અને જાણેલી, એવી (ભ્રમિત) ભવ્યતાં અનંતીવાર બનાવી અને તોડી**
**''પણ જો''**
**જીવે એક વખત સદ્ગુરૂનાં આશ્રયે તેમણે માનેલી અને જાણેલી, એવી તેમની પાસેથી ભવ્યતા ધારણ કરી હોત તો ક્યારેય ન તુટે એવી ભવ્યતા પામ્યો હોત.**
**''ભવભ્રમણ તુટ્યું હોત''**

સમકિત પ્રાપ્ત કરાવે છે, માટે બાળજીવોને આવા જ્ઞાની પુરૂષોનો યોગ થાય, ઓળખી શકે અને તેમને આરાધે તો બાળજીવે મુક્તિ માગવી ન પડે પણ મુક્તિ સામેથી મળે, આપણે આગળનાં લેખાંકોમાં આવા સદ્ગુરૂનાં ગુણો અને લક્ષણોની અને ઓળખી શકાય તેવા પ્રગટ લક્ષણોની વિચારણા કરી હતી અને લેખાંક નં ૨માં ઉપદેશબોધ અને સિધ્ધાંત બોધ (નિશ્ચયબોધ-આત્મબોધ)નાં સ્વરૂપની પણ વિચારણા કરી હતી માટે તેની વિચારણા કરતા નથી. આવા શ્રી જ્ઞાની પુરૂષો જ્યાંથી બોધ આપે તે સ્થાનકને

**અનુસંધાન સામે પાના નં ૧૫ પર →**

**અનુસંધાન ...**
**સામેનાં પાના નં ૧૪થી ચાલું**

# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન
## સત્સંગ : સંતસંગનો સંગ - ભવભ્રમણનો અંત

ધર્મસભા અથવા સત્સંગસભા કહેવાય છે. હવે એવી ધર્મસભા કે સત્સંગસભામાં જ બાળજીવો કેવી સરળતાથી અને સહજતાથી મુક્તિ મેળવે છે અને મુક્તિ પામે છે અને મુક્તિ પામવા માટે ૧૨ દોષોની કેવી રીતે મંદતા કરીને ક્ષય કરે છે. (પાંચ ઈન્દ્રિયોનાં વિષયો, ૪ કષાયો, રાગ-દ્વેષ અને અજ્ઞાન) અને કેવા કેવા દોષોનો ક્ષય કરે છે અને કેવા ગુણોનું પ્રગટપણું કરે છે તેનાં ગુણો અને લક્ષણોની વિચારણા કરીએ.

### * સત્સંગનું ફળ *

૧. **''જીવનને જીવનનું જીવન બનાવી દે,**
**મરણનાં કારણનું મરણ કરાવી દે,**
**એજ સત્સંગની આરાધનાનું સુફળ,**
**સદ્‌ગુરૂનાં સાનિધ્યનું સફળપણું.''**

૨. અનંત ભવભ્રમણથી પાપ-પુણ્યનાં ભરોસે ભટકતાં બાળજીવની પાપ-પુણ્યની ભ્રમણા ભાંગે તેનું નામ **સત્સંગ**.

૩. પાપ-પુણ્યની વૃત્તિની પ્રવૃતિમાંથી નિવૃતિ કરાવીને પ્રકૃતિનો ક્ષય કરાવે તેનું નામ **સત્સંગ**.

૪. અનંત ભવભ્રમણથી શુભ-અશુભમાં રમતાં બાળજીવને શુધ્ધમાં લઈ જાય તેનું નામ **સત્સંગ**.

૫. સવાલ વગરનું જીવન બનાવી દે તેનું નામ **સત્સંગ**.

૬. જ્ઞાનસભર જીવન બનાવી દે તેનું નામ **સત્સંગ**.

૭. કર્મનાં કર્તાપણાંનો ભાવ કઢાવી દે તેનું નામ **સત્સંગ**.

૮. કર્મનાં ભોકતાપણાંનો ભાવ કઢાવી દે તેનું નામ **સત્સંગ**.

૯. નબળા પરીણામોમાં આવેલા નિમિત્તનો દોષ કઢાવી દે તેનું નામ **સત્સંગ**.

૧૦. નિમિત્તનાં દોષ રહિતનું જીવન બનાવી દે તેનું નામ **સત્સંગ**.

૧૧. ઉદયમાં આવેલા કર્મો વેદતા નવા કર્મો ન બંધાય તેવા ઉપયોગમાં રખાવે તેનું નામ **સત્સંગ**.

૧૨. જીવનને શ્રી પ્રભુની કૃપામાં લેવરાવીને સુખ-દુ:ખમાં સમદ્રષ્ટિથી પ્રસન્નતાપૂર્વક જીવન જીવરાવે તેનું નામ **સત્સંગ**.

૧૩. જીવને બીજા સહયોગી જીવો સાથે, આદરભાવે અને ઉપકારીભાવે જીવન જીવતા શિખવાડે (સમજાવે) તેનું નામ **સત્સંગ**.

૧૪. પરપદાર્થનાં આધાર વગર જીવનમાં આનંદ-આનંદ પ્રગટાવી દે તેનું નામ **સત્સંગ**.

૧૫. જીવનમાં સુખ-શાંતિ અને સમૃધ્ધિ સહજતાથી પ્રાપ્ત કરાવી દે તેનું નામ **સત્સંગ**.

૧૬. જીવનમાંથી આધી-વ્યાધી-ઉપાધી મુક્ત કરાવી દે તેનું નામ **સત્સંગ**.

૧૭. ભય રહિતનું જીવન બનાવી દે (દંભ, કપટ અને પરનિંદા રહિત [નિર્મળ બુધ્ધિથી]) તેનું નામ **સત્સંગ**.

૧૮. રાગમાં મર્યાદા રખાવે અને દ્વેષ ટળાવે તેનું નામ **સત્સંગ**.

૧૯. ક્રોધ રહિત બનાવે તેનું નામ **સત્સંગ**.

૨૦. પદાર્થોમાંથી આસક્તિભાવ કઢાવીને અનાસક્તભાવ લાવી દે તેનું નામ **સત્સંગ**.

૨૧. સહજતાથી આહારનું અલ્પપણું કરાવીને રસેન્દ્રિયપણું છોડાવી દે તેનું નામ **સત્સંગ**.

૨૨. જીવનમાં ગુપ્તદાન સહજતાથી સ્થપાવી દે તેનું નામ **સત્સંગ**.

૨૩. જીવનને કોઈપણ પ્રકારની પદવી કે ઉચ્ચ સ્થાન રહિત રખાવે તેનું નામ **સત્સંગ**. (જગતનો શિષ્ય બનીને જીવન જીવવાનું)

૨૪. જીવને કયા દોષો ટાળવાથી કેવા ગુણો પ્રગટે અને કેવા ગુણો પ્રગટવાથી કયા દોષો ટળે તે અલ્પ પુરૂષાર્થથી બળવાન અનુભવજ્ઞાન કરાવી દે તેનું નામ **સત્સંગ**.

૨૫. દરેક વેદનીયનાં સમયમાં શાંતિ અપાવે તેનું નામ **સત્સંગ**.

૨૬. સગુરો બનાવે તેનું નામ **સત્સંગ**.

૨૭. આત્માને જાણતો અને માનતો કરી દે તેનું નામ **સત્સંગ**.

૨૮. સર્વ સમય આત્માનાં ઉપયોગમાં સહજતાથી લઈ જાય તેનું નામ **સત્સંગ**.

૨૯. સંસારનાં પદાર્થોનું, સબંધોનું અને જીવોનું સ્વરૂપ અને આત્મા અને દેહનાં ગુણો અને સ્વભાવનું જ્ઞાન કરાવીને (સંસારભાવ-ધર્મભાવનું જ્ઞાન) અજ્ઞાન ટાળે તેનું નામ **સત્સંગ**.

૩૦. જેનાંથી જીવ સંસારભાવનાં સ્મરણને સરળતાથી વિસ્મરણ કરે, ''અને''
જેનાંથી જીવ સ્વ સ્વરૂપનાં વિસ્મરણને સહજતાથી સ્મરણમાં લાવે તેનું નામ **સત્સંગ**.

૩૧. બાળજીવનાં પાંચ ગુણોનાં કારણે જીવે સમકિત માંગવું પડતું નથી 'પણ' **સત્સંગસભા**માં જીવ ભવભવાંતરથી મુક્ત થાય છે. (સત્યની ઝુરણાંનાં કારણે, શ્રધ્ધાનાં બળે, નમ્રતાનાં ગુણે, ભક્તિનાં ભાવે, દ્રષ્ટિની સ્થિરતાએ)

બાળજીવો સંસારભ્રમણનાં ભારથી થાકેલા હોય છે, પણ સંતસંગનાં સંગથી જીવો ભાર રહિત થઈને સરળતાં અને સહજતાથી આત્મીકપણું પામીને નિર્ભયતાપૂર્વક આત્મલક્ષી બનીને ભવમુક્ત થાય છે. તેજ સદ્‌ગુરૂ અને તેનાં સંતસંગનું ફળ ગણાય. વિશેષ સત્સંગનાં ફળનાં પરીણામોની ભાવી લેખાંકોમાં યોગે કરીને વિચારણા કરીશું.

### ■ ''આત્મલક્ષી થવા'' ■

**સાચો ધર્મ જાણવો : શ્રી પરમાત્માએ આપેલો**
**સાચો ધર્મ માનવો : શાસ્ત્રનાં આધારથી**
**સાચો પુરૂષાર્થ કરવો : ધર્મનો મર્મ પકડીને**
**સાચા અનુભવી થવું : ગુણસ્થાનકથી ભાવમાં**
**સાચી શ્રધ્ધા આવવી : ધર્મમય સ્વભાવથી**

**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન.**

**દેશ-કાળનો આધાર લઈને ઓછું કરવું સ્વિકારી શકાય ''પણ'' ખોટું કરવું સ્વિકારી શકાય નહીં.**

**ઓછું કરવું બાળજીવોનું અબળાપણું ગણાય. પણ ખોટું કરવું તે તો શ્રી તીર્થંકર પરમાત્માની અને શાસ્ત્રોની વિરાધનાં કરી (દ્રોહ કર્યો) ગણાય.**

### ■ આત્મસાર ■

**૧. જ્ઞાની પુરૂષોએ સંસાર ત્યાગને ત્યાગ નથી કહ્યો, ''પણ''**
**સંસારભાવનાં વિચારો અને સંસાર સબંધી સંકલ્પ-વિકલ્પનાં ત્યાગને ત્યાગ કહ્યો છે.**

**૨. જ્ઞાની પુરૂષોએ આહારનાં ત્યાગને ત્યાગ નથી કહ્યો, ''પણ''**
**આહારનાં રસનાં રસેન્દ્રિયપણાનાં ત્યાગને ત્યાગ કહ્યો છે.**

**૩. જ્ઞાની પુરૂષોએ દેહત્યાગને ત્યાગ નથી કહ્યો, ''પણ''**
**દેહને લગતા પદાર્થોનાં મમત્વભાવનાં ત્યાગને ત્યાગ કહ્યો છે. (દેહને લગતાં ભયનાં ભાવનાં ત્યાગને ત્યાગ કહ્યો છે.)**

**૪. જ્ઞાની પુરૂષોએ સંસારીક સબંધોનાં ત્યાગને ત્યાગ નથી કહ્યો, ''પણ''**
**તે સબંધોમાં રહેલા રાગ-દ્વેષનાં ત્યાગને (ક્ષયને) ત્યાગ કહ્યો છે.**

**૫. જ્ઞાની પુરૂષોએ અર્થનાં ત્યાગને ત્યાગ નથી કહ્યો, ''પણ''**
**અર્થનાં આરંભનાં ત્યાગને ત્યાગ કહ્યો છે.**

**૬. જ્ઞાની પુરૂષોએ હિંસાનાં ત્યાગને ત્યાગ નથી કહ્યો, ''પણ''**
**હિંસાનાં ભાવનાં ત્યાગને ત્યાગ કહ્યો છે.**

**૭. જ્ઞાની પુરૂષોએ નામનાં ત્યાગને ત્યાગ નથી કહ્યો, ''પણ''**
**નામનાં મમત્વભાવનાં ત્યાગને ત્યાગ કહ્યો છે.**

**૮. જ્ઞાની પુરૂષોએ સુખનાં સાધનોનાં ત્યાગને ત્યાગ નથી કહ્યો, ''પણ''**
**સુખનાં સાધનોમાં જીવે કરેલા સુખભાવનાં ત્યાગને ત્યાગ કહ્યો છે.**

**૯. જ્ઞાની પુરૂષોએ સાધનોનાં ત્યાગને ત્યાગ નથી કહ્યો, ''પણ''**
**સાધનોમાં રાખેલા આસક્તિભાવનાં ત્યાગને ત્યાગ કહ્યો છે.**

---

**જેમ કરજ જીવ કરે છે,**
**કારજ અન્ય કરે છે.**
**તેમ ભવબંધન જીવ કરે છે,**
**ભવમુક્તિ અન્ય (સદ્‌ગુરૂ) કરાવે છે.**

---

**જેને આત્માનું અને પરમાત્માનું સદૈવ સ્મરણ રહે છે, તેને નામનું અને માનનું મમત્વ ઉગે નહીં.**
**''અને''**
**જેને નામનું અને માનનું મમત્વ સુજે છે, તેને આત્માનું અને પરમાત્માનું સ્મરણ ઉગે નહીં.**

---

**જ્ઞાન એજ આત્મા છે,**
**જ્ઞાન એજ પરમાત્મા છે.**
**જ્ઞાન એજ મનુષ્યપણું છે.**
**જ્ઞાન એજ ધર્મ છે.**
**જ્ઞાન એજ મોક્ષમાર્ગ છે.**
**જ્ઞાન એજ સાધના છે.**
**જ્ઞાન એજ સમકિત છે.**
**જ્ઞાન એજ કેવળજ્ઞાન છે.**
**જ્ઞાન એજ મોક્ષ સ્વભાવ છે.**
**જ્ઞાન એજ મોક્ષ સ્વરૂપ છે.**
**જ્ઞાન એજ મોક્ષ છે.**
**જ્ઞાન એજ જીવનમુક્તિ છે.**
**જ્ઞાન એજ ભવમુક્તિ છે.**
**જ્ઞાન એજ જ્ઞાની છે.**
**જ્ઞાન એજ દેહાતિત સ્વરૂપ છે.**

---

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.